ક્રમાંક-રાચપ-ચટણ-મતગ-૬૩(૩)-૧૨૨૦૦૮-ક

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર
તારીખ:૪-૧૨-૨૦૦૮

**વિષય : સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી**
**મતગણતરીના ટેબલો નકકી કરવા અંગે.**

**પરિપત્ર :-**

રાજય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીના મતોની ગણતરી અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. આ ઉપરાંત આ અંગેની વિગતવાર સૂચનાઓ ચૂંટણી અધિકારીઓ માટેની હેન્ડબુકોમાં પણ આપવામાં આવેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૫૩, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૫૨ અને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૫૫ મુજબ જરૂરી જણાયે મતોની ગણતરી શરૂ કરવા માટેની તારીખ, સમય અને સ્થળ નકકી કરવા માટે, જે તે મહાનગરપાલિકા/નગરપાલિકા/પંચાયતના ચૂંટણી અધિકારીઓ પોતે સક્ષમ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી વિજાણું મતદાનયંત્રોથી કરવામાં આવનાર હોઈ, મતોની ગણતરી પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાય તે હેતુથી, રાજય ચૂંટણી પંચ દ્વારા અપાતા ચૂંટણીના કાર્યક્રમ સાથે સાથ મતગણતરીની તારીખ અને મતગણતરી શરૂ કરવાનો સમય માટે પરિપત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવે છે. આ સૂચનાઓમાં જે તે ચૂંટણીઓ માટે મતગણતરીના ટેબલો રાખવા માટે પણ સૂચનાઓ અત્રેથી આપવામાં આવતી હોય છે, પરંતુ અનુભવે એવુ જણાયેલ છે કે, સામાન્યતઃ મતગણતરીના સૂચવ્યા મુજબનાં ટેબલો અંગે, તેની સંખ્યામાં વધારો કરવા રજૂઆતો આવે છે. સબબ આ અંગે પંચે પુખ્ત વિચારણાને અંતે, સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની મતગણતરી માટે ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા મતગણતરીના ટેબલો રાખવાની બાબતે જરૂરી સૂચનાઓપોતાના સ્વઅનુભવને અનુલક્ષીને આપવા શહેર ચૂંટણી અધિકારી/જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી /જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓને આથી અધિકૃત કરવામાં આવે છે. આ અંગે નીચેની મુખ્યત્વે બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે.

(૧) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીના મતોની ગણતરીની તારીખ સામાન્યતઃ રાજય ચૂંટણી પંચે જે તે સમયે ચૂંટણી કાર્યક્રમ જારી કરેલ તારીખ રાખવી તથા મતોની ગણતરીનો સમય સામાન્યતઃ રાજય ચૂંટણી પંચ જે તે સમયે સૂચનાઓ આપે તે સમયે શરૂ કરવાની પ્રથા રાખવી.

P.T.O.

COUNTING

(૨) મત ગણતરી માટે ચૂંટણી અધિકારી દીઠ, મત ગણતરીના સ્થળ/હોલમાં સ્થાનિકે તે માટેની જગ્યાની ઉપલબ્ધિ પ્રમાણે ત્યાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તથા કામગીરીનું સંચાલન સુચારૂ થાય, તમામ હરીફ ઉમેદવારોને અથવા તેમના એજન્ટો તથા મતગણતરી સ્ટાફ માટેની વ્યવસ્થા જળવાઈ રહે, તે પ્રમાણે મતગણતરીના ટેબલોની સંખ્યા રાખવી.

(૩) તમામ ચૂંટણીઓ વિજાણું મતદાન યંત્રોના ઉપયોગથી યોજવામાં આવતી હોઈ તથા ચૂંટણી માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનું ધોરણ જળવાઈ રહે તે મુજબ સ્થાનિક જરૂરિયાતને અનુલક્ષીને મત ગણતરીના ટેબલોની સંખ્યા રાખવી.

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીના પ્રવર્તમાન કાયદા/નિયમોની જોગવાઈઓ તથા રાજય ચૂંટણી પંચે સમયાંતરે આપવામાં આવેલ/ આવનાર સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત સૂચનાઓ હવે પછી યોજાનાર સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની તમામ ચૂંટણીઓની મત ગણતરી માટે જરૂરી ટેબલોની સંખ્યા રાખવા સંબંધિત શહેર/જિલ્લા મ્યુનિસિપલ/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ, જે તે સમયે ચૂંટણી હેઠળની સંસ્થાઓ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને આ અન્વયે જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

(વી. એચ. શાહ)
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

પ્રતિ,

- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે

નકલ સવિનય રવાના :

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

નકલ રવાના :-

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નશ્રી, મહાનગરપાલિકાઓ સર્વે
- મુખ્ય અધિકારીશ્રી નગરપાલિકા સર્વે
- નાયબ સચિવશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી૧-૨/વહીવટી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી/નાયબ મામલતદારશ્રી રાજય ચૂંટણી પંચ,ગાંધીનગર
- રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,રાજય ચૂંટણી પંચ,ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ,રાજય ચૂંટણી પંચ,ગાંધીનગર

COUNTING